# ૧૮મી લોકસભા ચુંટણીનું પરિણામ ભાજપ માટે થોડું આઘાતજનક રહ્યું, ત્યારે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી માટે ફાયદાકારક







**નવી દિલ્હી/લખનૌ,** દેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ એટલે કે, ૧૮મી લોકસભા ચૂંટણીમાં એનડીએ ને ૨૯૧ અને ઈન્ડી ગઠબંધનને ૨૩૪ બેઠકો મળી હતી. ઉત્તર પ્રદેશના વારાણસીથી પીએમ નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અધ્યક્ષ અજય રાયને ૧.૫૨ લાખ મતોથી હરાવ્યા છે. ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વાયનાડ અને રાયબરેલી બંને બેઠકો પરથી જીત મેળવી છે. બંને જગ્યાએ તેમને ૪ લાખથી વધુ વોટ મળ્યા છે. ૫૦માંથી ૧૯ કેન્દ્રીય મંત્રીઓ ચૂંટણીમાં હારી ગયા છે. અમેઠીથી ભાજપના સ્મૃતિ ઈરાનીને કોંગ્રેસના કિશોરી લાલ શર્માએ ૧.૬૭ લાખ મતોથી હરાવ્યા હતા. આ સિવાય તિરુવનંતપુરમથી શશિ થરૂરે કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને ૧૬ હજાર મતોથી હરાવ્યા છે.

રાજસ્થાનના બાડમેરથી ભાજપના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી કૈલાશ ચૌધરીને હારનો સામનો કરવો પડ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર રામ બેનીવાલે તેમને ૪૧૭૯૪૩ લાખ મતોથી હરાવ્યા હતા. તેઓ આ સીટ પર ત્રીજા ક્રમે રહ્યા હતા. અપક્ષ રવિન્દ્ર ભાટી ૫૮૬૫૦૦ મત મેળવીને બીજા ક્રમે રહ્યા. બિહારના આરાથી ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી આર કે સિંહને પણ હાર મળી છે. સીપીઆઈ(એમ) ના સુદામા પ્રસાદે તેને ૫૯૮૦૮થી પણ વધારે મતોથી હરાવ્યા છે. સુદામા પ્રસાદને ૫ લાખથી વધારે મત મળ્યા છે જ્યારે આર કે સિંહને ૪૬૯૫૭૪ લાખ મત મળ્યા છે. બંગાળના કૂચ બિહારથી ટીએમસીના જગદીશ ચંદ્ર વસુનિયાએ ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી નિસિથ પ્રામાણિકને ૩૯૨૫૦ મતોથી હરાવ્યા છે. વસુનિયાને ૭૮૮૩૭૫ લાખ અને પ્રામાણિકને ૭૪૯૧૨૫ લાખ મત મળ્યા હતા. ઝારખંડના ખૂંટીથી ભાજના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાને પણ હારનો સામનો કરવો પડ્યો છે. કોંગ્રેસના કાલી ચરણ મુંડા ૧૪૯૬૭૫ લાખ મતના અંતરથી ચૂંટણી જીતી ગયા છે. અર્જુન મુડા ૩૬૧૯૭૨ લાખ મત સાથે બીજા સ્થાન પર રહ્યા છે. કેરળના તિરુવનંતપુરમથી ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર ચૂંટણી હારી ગયા છે. તેમણે કોંગ્રેસના શશિ થરુરુને ૧૬૦૭૭ હજાર વોટથી હાર આપી છે. થરુરુને ૩૫૮૧૫૫ લાખ મત મળ્યા જ્યારે ચંદ્રશેખર ૩૪૨૦૭૮ લાખ મતથી બીજા સ્થાન પર રહ્યા હતા. યુપીના જાલૌનથી ભાજપના નેતા અને કેન્દ્રિય મંત્રી ભાનુ પ્રતાપ સિંહ ૫૩૮૯૮ હજાર મતના અંતરથી ચૂંટણી હારી ગયા છે. અહિ સપાના નારાયણ દાસ અહિરવારે જીત મેળવી છે. અહિરવારને ૫૩૦૧૧૮૦ મત મળ્યા છે, જ્યારે ૪૭૬૨૮૨ મતથી બીજા સ્થાને રહ્યા છે. યુપીના મુઝફ્ફરનગરથી ભાજપના નેતા અને કેન્દ્રિય મંત્રી સંજીવ કુમાર બાલિયાનને હારનો સામનો કરવો પડ્યો છે. સપાના હરેન્દ્ર સિંહ મલિકને ૨૪૬૭૨ હજાર મતથી હાર આપી છે. મલિકને ૪૭૦૭૨૧ લાખ મત મળ્યા છે. તો બાલિયાનને ૪૪૬૦૪૯ લાખ મત મળ્યા છે.

૧૪માંથી ૩ સેલિબ્રિટી ચૂંટણીમાં હારી છે. જ્યારે મંડી સીટ પરથી બીજેપી ઉમેદવાર કંગના રનૌતનો વિજય થયો છે. યુપીની મેરઠ સીટ પરથી બીજેપી ઉમેદવાર અરુણ ગોવિલ જીત્યા છે. પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ એમપીના વિદિશામાં ૮.૨૧ લાખ મતોથી જીત્યા છે. લખીમપુર ખેરીથી કેન્દ્રીય મંત્રી અજય મિશ્રા ટેનીને સપાના ઉત્કર્ષ વર્માએ ૩૪ હજાર મતોથી હરાવ્યા હતા. તેમના પુત્ર આશિષ ટેની પર વિરોધ કરી રહેલા ખેડૂતોને પોતાની કારથી કચડી નાખવાનો આરોપ છે. આ અકસ્માતમાં ૮ ખેડૂતોના મોત થયા હતા. ૧૩માંથી ૫ પૂર્વ મુખ્યમંત્રીઓ હારી ગયા. જેમાં દિગ્વિજય સિંહ, ભૂપેશ બઘેલ, અર્જુન મુંડા, મહેબૂબા મુફ્તી અને ઓમર અબ્દુલ્લાનો સમાવેશ થાય છે.

પ્રતાપભાનુ શર્મા, દિગ્વિજયસિંહ, ભૂપેશ બઘેલ, દિવ્યાંશુ બુદ્ધિરાજા, લક્ષ્મી હેબ્બાલકર, આશિષ કુમારા સાહા, વેંકટરમણે ગૌડા, આનંદસ્વામી ગદ્દાદેવરામથ, સુબ્રત પાઠક, ઓમર અબ્દુલ્લા, મહબૂબા મુફ્તી, કુશલ તિવારી, સુશીલ રિંકુ, વિક્રમાદિત્ય સિંહ, રાજબબ્બર, વિનાયક રાઉત, સુરેશચંદ્ર કર્દમ, રમાકાંત ખલપ, વિનોદ આસુતી, આલોક કુમાર મેહતા, અજયમિશ્રા ટેની, અર્જુન મુંડા, દાનમ નાગેંદર, સાધ્વીનિરંજન, કૌશલ કિશોર, ડો.ભારતી પ્રવીણ પવાર, વિનોદકુમાર સિંહ, કપિલ પાટીલ, વિશ્વજીત દાસ અને મહેન્દ્રપ્રતાપ સિંહ જેવા દિગ્ગજોની હાર મળવી એક આશ્ચર્યજનક બાબત કહેવાય છે.

# લોકસભા ચુંટણીના પરિણામો બાદ મોટી સંખ્યામાં વિદેશી નેતાઓએ મોદીને શુભેછાઓ પાઠવી



**નવી દિલ્હી,** ભારતની લોકસભા ચૂંટણી ૨૦૨૪ પર દુનિયાના તમામ દેશોની ખાસ નજર હતી અને હવે તેના સ્પસ્ટ પરિણામો પણ જાહેર થઈ ગયા છે જેમાં એનડીએ ની આગેવાનીમાં પીએમ મોદી ફરી સરકાર બનાવવાના છે. મોદી અને બીજેપીના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને બહુમતી મળી છે અને આગામી દિવસોમાં ત્રીજી વખત એનડીએ સરકાર બનવા જઈ રહી છે. આ બધાની વચ્ચે, મોદીને વૈશ્વિક નેતાઓ તરફથી પણ અભિનંદન મળવાનું શરૂ થઈ ગયું છે, જેમાં મિત્ર દેશોના રાષ્ટ્રપતિઓ અને વડા પ્રધાનો પીએમ મોદીને તેમની શુભેચ્છા સંદેશ મોકલી રહ્યા છે.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ X પર લખ્યું કે ૨૦૨૪ની ચૂંટણીમાં સતત ત્રીજી વખત સફળ થવા પર નરેન્દ્ર મોદી, ભાજપ અને એનડીએ ને અભિનંદન. તેમને કહ્યું કે હું બંને દેશોની સહિયારી સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવા આતુર છું.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે લખ્યું કે એનડીએ ની જીતે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રગતિ અને સમૃદ્ધિમાં ભારતીય લોકોનો વિશ્વાસ દર્શાવ્યો છે. શ્રીલંકા, તેના સૌથી નજીકના પાડોશી તરીકે, ભારત સાથે તેની ભાગીદારીને વધુ મજબૂત કરવા આતુર છે. પાડોશી દેશ ભૂટાનના વડાપ્રધાન શેરિંગ તોબગેએ કહ્યું કે તેઓ ભારત સાથે સંબંધોને વધુ ગાઢ બનાવવા આતુર છે. તેમણે કહ્યું કે વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કરવા બદલ મારા મિત્ર વડાપ્રધાન મોદી અને એનડીએ ને અભિનંદન. તે ભારતને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છે. હું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા તેમની સાથે મળીને કામ કરવા આતુર છું.

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. તેને ઠ પર લખ્યું કે નવી ચૂંટણીની જીત અને સારા કામ માટે શુભેચ્છા. તે નિશ્ચિત છે કે અમે ઈટાલી અને ભારતને એક કરતી મિત્રતાને મજબૂત કરવાનું ચાલુ રાખીશું અને આપણા રાષ્ટ્રો અને આપણા લોકોની સુખાકારી સાથે સંબંધિત મુદ્દાઓ પર સાથે મળીને કામ કરીશું.

# ગુજરાતમાં આઈએસના આતંકીઓ મોકલનારની શ્રીલંકામાં ધરપકડ કરી

અમદાવાદ, અમદાવાદ એરપોર્ટ પરથી ગુજરાત એટીએસ દ્વારા ચાર આતંકવાદીઓને ઝડપી લેવામાં આવ્યા બાદ પોલીસના અલગ અલગ વભાગો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જે બાદ શ્રીલંકા મીડિયાએ આતંકીઓની મદદ કરનારને ઝડપી પાડ્યાનો ખુલાસો કર્યો છે. શ્રીલંકાનાં હેન્ડલર મુખ્ય આરોપી પુષ્પરાજ ઓસ્મન્ડ ગેરારર્ડની ધરપકડનો ખુલાસો કર્યો છે. શ્રીલંકા પોલીસે અત્યાર સુધીમાં ૩ શકમંદની ધરપકડ કરી છે. પુષ્પરાજ ઓસ્મન્ડ ગેરાર્ડ પર શ્રીલંકાએ ૨ મિલિયનનું ઈનામ જાહેર કર્યું હતું. ઓસ્મન્ડ ગેરાર્ર્ડે આ ચાર આતંકીઓને ચાર લાખ આપ્યા હતા. ઓસ્મન્ડ ગેરાર્ડ પોતાનો વેશ પલ્ટો કરીને ફરતો રહે છે. આ આતંકીઓની કસ્ટડી મેળવવા ગુજરાત એટીએસ શ્રીલંકા જશે. તેમજ ભારતમાં આતંકીઓ મોકલનાર મુખ્ય સૂત્રધાર ઝડપાયો છે. તેમજ સીઆઈડી એ કોલમ્બો પોલીસની મદદથી ગેરાર્ડને ઝડપી પાડ્યો છે.આ સમગ્ર ઘટનામાં ગુજરાત એટીએસની તપાસમાં ખુલાસો થયો છે કે નોર્થ ઈન્ડિયાથી હથિયારો આવ્યા હતા. જેમાં પજાંબ, રાજેસ્થાન અને દિલ્હીમાં આઈએસ ના સ્લીપર સેલ સક્રિય હોવાની શંકાના આધારે એટીએસની ૩ ટીમોએ તપાસ શરૂ કરી છે. મહત્વનું છે કે તાજેતરમાં પંજાબમાં પાસ્કિતાન બોર્ડરથી ડ્રોન થી હથિયાર મોકલવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. આ પ્રકારના હથિયાર આતંકીઓને આપ્યા હોવાથી એટીએસ દ્વારા આ મુદ્દે તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત ચિલોડામાં હથિયાર મુકવા આવેલા સ્લીપર સેલની તપાસ માટે એટીએસ એ ૭૮ હજાર વાહનના સીસીટીવી ડેટા મેળવાયા હતા જેમાંથી ૧૩ હજાર શકાસ્પદ વાહનની તપાસ કરવામાં આવી છે. એટલું જ નહી શ્રીલંકાની તપાસ એજન્સીએ ચારેય આતંકીઓના ઘરે સર્ચ દરમિયાન વાંધા જનક વસ્તુઓ અને સામગ્રી પણ જપ્ત કરી છે અને આતંકીઓના મોબાઈલ પણ જપ્ત કર્યા છે. પકડાએલા આતંકીઓને લઈને શ્રીલંકા પોલીસની મદદથી તપાસ કરતા વધુ ચોંકાવનારા ખુલાસા થયા છે . જેમાં આતંકી મોહમ્મદ નુસરથ સિંગાપોર, મલેશિયા અને દુબઈ જેવા દેશોમાંથી ટેલિકોમ્યુનિકેશન ઉપકરણો અને ઈલેક્ટ્રિકલ સાધનોની આયાત કરીને કોલંબોમાં બિઝનેશ કરતો હોવાનું ખુલ્યું છે. ૨૦૨૦માં કોલંબો ખાતે હેરોઈન કેસમાં પણ ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બીજો આતંકી મોહમ્મદ નફરાન શ્રીલંકાના નિયાસ નૌફર ઉર્ફે 'પોટ્ટા નૌફર' નામના કુખ્યાત અંડરવર્લ્ડ ગુનેગારની પ્રથમ પત્નીના પુત્ર હોવાનું ખુલ્યું છે, જેને હાઈકોર્ટના જજ સરથ અંબેપીટીયાની હત્યા માટે મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી.

# સરકાર દ્વારા આપવામાં આવેલી આવકવેરા મુક્તિથી પગારદાર વર્ગને સૌથી વધુ ફાયદો થયો




**નવી દિલ્હી,** ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ બજેટ ભાષણ દરમિયાન, નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે નવી કર વ્યવસ્થા હેઠળ ૭ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે. સરકારે આપેલી આવકવેરામાં છૂટનો સૌથી વધુ ફાયદો પગારદાર વર્ગને થયો છે. આ જાહેરાત કર્યા પછી, તેમણે કહ્યું હતું કે સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે દર વર્ષે ૭.૫૦ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારાઓએ કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં.આ નિયમ લાગુ કર્યા પછી, તેમણે કહ્યું હતું કે લોકોમાં શંકા છે કે ૭ લાખ રૂપિયાથી વધુની આવક ધરાવતા લોકોનું શું થશે?

તેણે કહ્યું કે આ પછી અમે એક ટીમ તરીકે બેઠા અને વિગતોમાં ગયા. અમને જાણવા મળ્યું કે વ્યક્તિ દરેક વધારાના રૂપિયા ૧ માટે કયા સ્તરે ટેક્સ ચૂકવે છે. તમે ૭.૨૭ લાખ રૂપિયા સુધી કોઈ ટેક્સ ચૂકવતા નથી. બ્રેક ઈવન માત્ર રૂ. ૨૭,૦૦૦માં મળે છે. આ પછી તમે ટેક્સ ભરવાનું શરૂ કરો છો. નાણામંત્રીએ એમ પણ કહ્યું હતું કે તમારી પાસે ૫૦,૦૦૦ રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ છે. નવી ટેક્સ વ્યવસ્થાને લઈને લોકોની આ ફરિયાદ પણ સરકારે દૂર કરી છે.

સરકાર દ્વારા પ્રથમ વખત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં નવી કર વ્યવસ્થા રજૂ કરવામાં આવી હતી. આમાં ટેક્સનો દર ઓછો છે પરંતુ આ અંતર્ગત કેટલીક ટેક્સ કપાત અને છૂટ નાબૂદ કરવામાં આવી છે. આ અંતર્ગત ગયા વર્ષથી ૫૦,૦૦૦ રૂપિયાની સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ સામેલ છે. ૦-૩ લાખની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ નથી. આ પછી ૩ થી ૬ લાખ રૂપિયાની આવક પર ૫ ટકા, ૬ થી ૯ લાખ રૂપિયાની આવક પર ૧૦ ટકા, ૯ થી ૧૨ લાખ રૂપિયાની આવક પર ૧૫ ટકા, ૧૨ થી ૧૫ રૂપિયાની આવક પર ૨૦ ટકા ટેક્સ ચૂકવવો પડશે. લાખ અને ૧૫ લાખથી વધુની આવક પર ૩૦ ટકા. સરકાર દ્વારા આપવામાં આવેલી આવકવેરા મુક્તિથી પગારદાર વર્ગને સૌથી વધુ ફાયદો થયો છે. આ જાહેરાત કર્યા પછી, તેમણે કહ્યું હતું કે સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે દર વર્ષે ૭.૫૦ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારાઓએ કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં.દર વખતની જેમ આ વર્ષે પણ આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ છે. નોકરીદાતા દ્વારા પગારદાર વર્ગને જૂનના અંત સુધીમાં ફોર્મ-૧૬ જારી કરવામાં આવશે. આ પછી તમારી પાસે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે એક મહિના કે તેથી વધુ સમય હશે. મધ્યમ વર્ગને આવકવેરામાં રાહત આપવા માટે મોદી સરકાર દ્વારા સમયાંતરે અનેક પગલાં લેવામાં આવ્યા છે. પરંતુ ગયા વર્ષે નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કરેલી જાહેરાતનો મહત્તમ લાભ કરદાતાઓને મળ્યો છે.

# ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં ભલામણ મુજબ જ રોગ અને જીવાત માટે દવાનો ઉપયોગ કરવો

ગાંધીનગર, કૃષિ ઉત્પાદનોમાં જંતુનાશકોના અવશેષો નિવારવા માટેના પગલા અંગે ખેડૂત સમુદાયને માહિતગાર કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી ગાંધીનગર દ્વારા કેટલાક જરૂરી પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જંતુનાશકોના અવશેષો નિવારવાના પગલાં અનુસંધાને એવા જંતુનાશકો કે જેની વિઘટનની પ્રક્રિયા ધીમી હોય, લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહેતા હોય અથવા ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતિકરણની પ્રક્રિયામાંથી શરીરમાં જમા થાય છે તેના ઉપયોગ પર સરકાર તરફથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય અથવા તેને નિયંત્રિત વપરાશ હેઠળ મુકવામાં આવ્યા હોય, આવા જંતુનાશકોનો વપરાશ બિલકુલ કરવો જોઈએ નહી. પાકસંરક્ષણ રસાયણોની નોંધણી માટેની સંસ્થા દ્વારા જે તે પાક ઉપર જે તે રસાયણોની માત્રાની ભલામણ વિવિધ કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પ્રાયોગિક પરિણામો દ્વારા નક્કી કરવામાં આવે છે. આ ભલામણ કરેલ માત્રાનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. વધુ પડતું પ્રમાણ અને વધુ પડતા છંટકાવથી જીવાતમાં પ્રતિકારકતા કેળવાતી હોય ખેડૂતોને વધારે પ્રમાણમાં ઉપયોગ કરવાની ફરજ પડે છે. જે આર્થિક રીતે નુકસાનકારક છે સાથે સાથે જે તે કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોની માત્રા વધારે છે.

ઉપરાંત ખેતી પાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં યુનિવર્સિટીની ભલામણ મુજબજ જે તે પાકોના જે તે રોગ જીવાત માટે જે દવાની ભલામણ કરેલ છે તેનો જ ઉપયોગ કરવો તથા સંકલિત જીવાત વ્યવસ્થાપનના પગલાં લેવા તથા શાકભાજીની ઉપયોગમાં લેતા પહેલા સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ કારણ કે, શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. શાકભાજીને પાણીથી ધોવાથી અવશેષો ઓછા થવાનું પ્રમાણ ખરબચડી સપાટીવાળા કરતા સુંવાળી સપાટી વાળા શાકભાજીમાં વધુ હોય છે. જ્યારે શોષક એટલે કે સિસ્ટમેટિક પ્રકારની જંતુનાશકો કરતા સ્પર્શક એટલે કે કોન્ટેક્ટ જંતુનાશકોમાં અવુશેષો વધુ હોય છે.

શાકભાજી ફળફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન-હ્વઈ અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન- ઉર્ઉઁ દ્વારા નક્કી કરવામાં આવે છે કે અવશેષોની માત્રા એમ.આર.એલ કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. તેથી વિવિધ ખેત પેદાશોમાં જુદા જુદા જંતુનાશકના છંટકાવ કરી છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળો નક્કી કરવામાં આવે છે જેને વેઈટિંગ પિરિયડ કહે છે. આ વેઈટિંગ પિરિયડ પહેલાં ખેત પેદાશો ઉતારવા કે વીણી કરવી નહી. શક્ય હોય ત્યાં જલ્દીથી વિઘટન પામતા કૃષિ રસાયણ જેવા કે એમામેકિટન, બેન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોક્ઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવા કૃષિ રસાયણ નો ઉપયોગ કરવો. આ સિવાય સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટતા જંતુનાશકોના અવશેષોના પ્રશ્ન હળવા કરી શકાય છે. જેમ કે ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી જમીન તપવાથી કોશેટા જીવાણુ તથા ફૂગનો નાશ થાય છે.જેથી જંતુનાશકોનો વપરાશ ઘટે છે. રોગ જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવાથી, વનસ્પતિ યુક્ત જંતુનાશકો, પરજીવી અને પરભક્ષી કિટકો, એનપીવી, પ્રકાશ પિંજર, ફેરોમોન ટ્રેપ, ફળ માખી પિંજર, પીળા ચીકણા પિંજર, પિંજર પાક, કીટક બક્ષી પક્ષીઓને બેસવા માટેના બેલી -ખાડા વગેરેનો ઉપયોગ કરી જંતુનાશકોનો વપરાશ ઘટાડી શકાય છે. જેનાથી કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોનું પ્રમાણ ઘટાડી શકાય છે. જો જંતુનાશકનો છંટકાવ કરવાનો આવે તો જે તે પાક પર યોગ્ય જંતુનાશક નો છંટકાવ તેની ભલામણ કરેલ માત્રામાં જ તથા જીવાતની ક્ષમ્યમાત્ર ઓળંગ્યા બાદ જ કરવો.

**ICICI Home Finance** | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

**શાખા ઓફિસ :** ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨.

**શાખા ઓફિસ :** ચોથો માળ, ક્રિશન કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧.

**ખાનગી દ્વારા સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના**

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૮) અને નિયમ ૯(૧) હેઠળ ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ખાનગી સંધિ હેઠળ ઈ - હરાજી વેચાણ નોટીસ.**

ICICI હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ (ICICI HFC) એ નીચે દર્શાવેલ મોર્ટગેજ મિલકતના વેચાણ માટે ઘણી હરાજી હાથ ધરી છે, જો કે આવી તમામ ઈ-હરાજી નિષ્ફળ ગઈ હતી. હવે રસધરાવતા ખરીદદારે ઉપરોકત મિલકત ખરીદવાની ઓફર સાથે ICICI HFC નો સંપર્ક કરી શકે છે. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ ખાનગી દ્વારા **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

| ક્રમ નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર | જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો | બાકી લ્હેણી રકમ | અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ | નિરીક્ષણની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) | (E) | (F) | (G) |
| ૧. | ખાન અકરમ અકબર (ઉધારકર્તા), શાઝીયા અકરમ ખાન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHSUR00001356892) | ઘરનો પ્લોટ નં. ૮૨/એ, મેઘા ડાયમંડ, આર.એસ. નં. ૩૪/૨, બ્લોક નં. ૪૧, બાલેશ્વર ગામ, પલસાણા, બારડોલી, ગુજરાત - ૩૯૪૩૧૭. | રૂા. ૧૧,૦૧,૮૨૦/- ૦૪.૦૬.૨૦૨૪ | રૂા. ૫,૫૯,૦૦૦/- ------ રૂા.૫૫,૯૦૦/- | ૧૮.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી | ૨૬.૦૬.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી |
| ૨. | સીરસાથ વિશ્વાસ (ઉધારકર્તા), સીરસાથ જયશ્રીબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHSUR00001351861 & LHSUR00001351862) | ઘરના બાંધકામનો આર.એસ. નં. ૮૩/૧, રાધીકા રેસીડેન્સી થી જાણીતું, પૈકી પ્લોટ નં. ૪૪૪, ગામ - કારેલી, સબ જીલ્લો - પલસાણા, જીલ્લો - સુરત, સુરત - ૩૯૪૩૧૦. | રૂા. ૧૦,૬૫,૭૬૫/- ૦૪.૦૬.૨૦૨૪ | રૂા. ૪,૫૦,૦૦૦/- ------ રૂા.૪૫,૦૦૦/- | ૧૮.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી | ૨૬.૦૬.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી |
| ૩. | મુકેશભાઈ ઝેડ બગથલીયા (ઉધારકર્તા), કાજલબેન મુકેશભાઈ બગથલીયા (સહ-ઉધારકર્તા), શીવકુરબેન ઝવેરભાઈ બગથલીયા (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (NHJGH00001276126 & NHJGH00001276127) | ઘરનો ફાઈનલ પ્લોટ નં. ૫૫, ભાગ સર્વે નં. ૫૨૭ ભાગ, ઘર નં. ૫૫ ભાગ, ઓમ નારાયણ, આનંદનગર, શેરી નં. ૫, ચક્કરગઢ રોડ, અમરેલી. | રૂા. ૨૨,૯૧,૬૬૯/- ૦૪.૦૬.૨૦૨૪ | રૂા. ૧૩,૫૦,૦૦૦/- ------ રૂા. ૧,૩૫,૦૦૦/- | ૧૮.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી | ૨૬.૦૬.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી |
| ૪. | બુલુ બિસ્વાલ (ઉધારકર્તા), કુની બિસ્વાલ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHSUR00001325738) | ઘરનો પ્લોટ નં. ૧૭૪, મેઘા ડાયમંડ-૨, આર.એસ. નં. ૧૩, બ્લોક નં. ૧૨, બાલેશ્વર ગામ, બાલેશ્વર - તુંડી રોડ, મોજે - બાલેશ્વર, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, ગુજરાત. | રૂા. ૧૪,૭૦,૨૬૦/- ૦૪.૦૬.૨૦૨૪ | રૂા. ૪,૦૦,૦૦૦/- ------ રૂા. ૪૦,૦૦૦/- | ૧૮.૦૬.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી | ૨૬.૦૬.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી |

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨, તા. ૨૫.૦૬.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલની સામે, ઉધના દરવાજા, સુરત - ૩૯૫૦૦૨ ખાતે તા. ૨૫.૦૬.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **બારડોલી, અમરેલી, સુરત** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ.

સામાન્ય જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપર દર્શાવેલ રસ ધરાવતા ખરીદદાર દ્વારા ઓફર કરવામાં આવતી રકમ કરતાં તેમની બિડ સબમીટ કરે છે. આથી જાણ કરવામાં આવે છે કે જો ICICI HFC દ્વારા સિકયોરીટી ઈનટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ ના નિયમ ૮(૮) અને ૯(૧) સાથે ઉપરોકત રસ ધરાવતા ખરીદદાર દ્વારા ઓફર કરવામાં રહેલી રકમ કરતાં વધુ કોઈ બીડ ન મળે તો, ગીરો મુકેલી મિલકતના ઉકત રસ ધરાવતા ખરીદદારને વેચાણ કરવામાં આવશે. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા **સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

**તારીખ : ૦૮.૦૬.૨૦૨૪**
**સ્થળ : બારડોલી, અમરેલી, સુરત**

**અધિકૃત અધિકારી,**
**આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ**

**સાંકેતિક કબજા નોટીસ**

**ICICI Bank** | **રજીસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ, ઓફિસ નં. ૨૦૧-બી, બીજો માળ, રોડ નં. ૧, પ્લોટ નં. બીઉ, WIFI IT ભાગ, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪.

આથી, **આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત નીચે દર્શાવેલ ઉધારકર્તાઓની માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ ભરી જવા જણાવેલ હતું.

ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે. ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ** ની રકમ બોજાને આધીન રહેશે.

| ક્રમ નં. | ઉધારકર્તાનું નામ/ લોન એકાઉન્ટ નં. | મિલકતનું વર્ણન / સાંકેતિક પઝેશનની તારીખ | ડીમાન્ડ નોટીસની તારીખ/ડીમાન્ડ નોટીસ નીબાકી રકમ (રૂા.માં) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | અશોક રાઉત અને અશોક રાઉત એચયુએફ અને સોનિયમ ચૌબે, LBSUR00005212206 | ફલેટ નં. જે/૧૦૧, પહેલો માળ, બિલ્ડીંગ નં. જે, અવધ કેરોલીન, અગ્રવાલ ભવન અને રાજહંસ બેલીઝાની પાસે, ડુમસ રોડ, મજુરા, ડુમસ, આર.એસ. નં.૭૯૭/૨, ટીપીએસ નં. ૮૨, એફ પી નં. ૧૦૩, સુરત-૩૯૪૫૫૦. (તા. ૦૬.૦૬.૨૦૨૪) | ૦૭.૧૧.૨૦૨૩ ------ રૂા. ૪૦,૩૭,૪૮૨/- | સુરત |
| ૨. | આલ વિજય મોતીભાઈ, આલ ભાવનાબેન વિજયભાઈ, આલ ગૌરીબેન મોતીભાઈ, આલ સંજકુમાર મોતીભાઈ, TBSNR00006276175 & LBSNR00006294806 | પ્લોટ નં. ૧૪ પૈકી, દક્ષિણ બાજુ, આનંદબાગ સોસાયટી, ૮૦ ફુટ રોડ, દેશલભગત ની વાવ, રેવન્યુ સર્વે નં. ૨૦૦૨, આનંદ પાર્ક સોસાયટી, વઢવાણ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨. (તા. ૦૪.૦૬.૨૦૨૪) | ૧૬.૦૧.૨૦૨૪ ------ રૂા. ૧૦,૩૪,૮૭૦/- | સુરેન્દ્રનગર |
| ૩. | શૈલેષ આર. ખોખર અને કંચનબેન રમેશભાઈ ખોખર LBSUR00005046329 | મિલકત નં. ૧ :- દુકાન નં. ૧૦૮, પહેલો માળ, એપલ સ્કવેર, આસ્તાન, ખાતા નં. ૭૬૩, આર.એસ. નં. ૩૧૫, બ્લોક નં. ૩૧/બી, બારડોલી, સુરત-૩૯૪૬૦૧, મિલકત નં. ૨ :- દુકાન નં. ૧૧૨, પહેલો માળ, એપલ સ્કવેર, આસ્તાન, ખાતા નં. ૭૬૩, આર.એસ. નં. ૩૧૫, બ્લોક નં. ૩૧/બી, બારડોલી, સુરત-૩૯૪૬૦૧. (તા. ૦૫.૦૬.૨૦૨૪) | ૨૯.૦૧.૨૦૨૪ ------ રૂા. ૧૮,૪૬,૬૧૮/- | સુરત |
| ૪. | અલ્કાબાઈ કૈલાશ ચૌધરી અને ભુષણ કૈલાશ ચૌધરી, LBVPI00006016290 | ફલેટ નં. એ-૫૦૩, પાંચમો માળ, એ - વિંગ, શ્રૃષ્ટિ રેસીડેન્સી, છીરી પોલીસ સ્ટેશનની પાસે, જુનો આર.એસ. નં. ૧૬૩/૧, બ્લોક નં. ૧૦૨, છીરી, વલસાડ, વાપી - ૩૯૬૧૯૧. (તા. ૦૫.૦૬.૨૦૨૪) | ૧૫.૦૨.૨૦૨૪ ------ રૂા. ૧૪,૫૫,૩૮૬.૯૯ | વાપી |
| ૫. | અશ્વિની ત્રિશુલ ત્રિવેદી અને ત્રિશુલ દેવીલાલ ત્રિવેદી, LBVPI00004674298 | ફલેટ નં. ૧૦૬, પહેલો માળ, શ્રી સાંઈ કોમ્પ્લેક્ષ, દામની ઝાંપા બસ સ્ટોપ, સીટીએસ નં. ૫૭૦, કિલ્લા પારડી, વાપી - ૩૯૬૧૯૧. (તા. ૦૫.૦૬.૨૦૨૪) | ૨૬.૦૨.૨૦૨૪ રૂા. ૮,૪૮,૦૦૮/- | વાપી |
| ૬. | રામચંદ્ર યાદવ અને કલાવતીબેન રામચંદ્ર યાદવ, LBSUR00005813405 | પ્લોટ નં. ૫૯, કાવ્યા રેસીડેન્સી, વિભાગ-બી, સ્વસ્તિક રેસીડેન્સી ની સામે, આર.એસ. નં. ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩/૧, ૨૩૩/૨, ૨૩૪/૧, ૨૩૪/૨, બ્લોક નં. ૩૦૨/બી, તપોવન સ્કુલની પાસે, કિમ, મુલાદ, સુરત - ૩૯૫૧૧૦. (તા. ૦૫.૦૬.૨૦૨૪) | ૦૬.૦૨.૨૦૨૪ ------ રૂા. ૧૧,૯૭,૨૫૮/- | સુરત |
| ૭. | ગોંડલીયા નમુબેન છગનભાઈ ગોંડલીયા સંજયકુમાર છગનભાઈ, LBSUR00005263316 | ફલેટ નં. ૨૦૩, બીજો માળ, બિલ્ડીંગ નં. બી/૩, શીવ પેલેસ, એચઆરપી રેસીડેન્સીની પાસે, આર.એસ. નં. ૧૨૧/૧, બ્લોક નં. ૩૩૫, કઠોદરા, કામરેજ, સુરત - ૩૯૫૦૧૦. (તા. ૦૫.૦૬.૨૦૨૪) | ૨૬.૦૨.૨૦૨૪ ------ રૂા. ૯,૯૭,૫૫૦/- | સુરત |

ઉપરોકત ઉધારકર્તાઓ / જામીનદારોઓને આથી રકમની ચુકવણી કરવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે, અન્યથા આ નોટીસના પ્રકાશન તારીખ થી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરો મુકેલ મિલકતો સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૮ અને ૯ હેઠળ વેચવામાં આવશે.

**તારીખ : ૦૭.૦૬.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

**અધિકૃત અધિકારી,**
**આઈસીઆઈસીઆઈ બેંક લિમીટેડ**